# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- રાજ્યમાં આગામી 7મી મે ના રોજ યોજાનાર ચૂંટણીનો જાહેર પ્રચાર વેગવંતો બન્યો છે. રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રીઝવવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યમાં રેકોર્ડબ્રેક મતદાન કરવાની અપીલ કરી - આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, અને જામનગરમાં ચૂંટણી સભાઓ સંબોધી.
- **રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું છે કે કોંગ્રેસનું ચૂંટણી ઢંઢેરો એ સમાજના દરેક વર્ગને ન્યાય આપી રહ્યું છે.**
- ભાવનગર અને ભરૂચ લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવારના સમર્થનમાં સુનીતા કેજરીવાલે રોડ શો કર્યા.
- રાજ્યમાં ચૂંટણી મતદાન કાર્યમાં જોડાયેલા કર્મચારીઓ અને અધિકારીઓએ પોસ્ટલ બેલેટ પેપર દ્વારા મતદાન કર્યું.
- હવામાન વિભાગે દરિયા કિનારાના જિલ્લાઓમાં આગામી પાંચ દિવસ ગરમી તીવ્ર મોજું ફરી વળવાની આગાહી કરી.- અમદાવાદમાં પાંચ દિવસ યલો એલર્ટ જાહેર કરાયું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. PRACHAR

રાજ્યમાં આગામી 7મી મે ના રોજ લોકસભાની 25 અને ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે યોજાનાર ચૂંટણીનો જાહેર પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો પોતપોતાના ઉમેદવારના સમર્થનમાં જાહેર સભાઓ અને રેલીઓ યોજી મતદારોને રીઝવવા પ્રયાસો કરી રહ્યા છે.

------------

# GUJ-PM RALLY - 1

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના આણંદ, સુરેન્દ્રનગર, જુનાગઢ અને જામનગરમાં ચુંટણી પ્રચાર કરતાં જાહેરસભાઓ સંબોધી હતી.

જામનગરમાં જાહેર સભાને સંબોધતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્ર સાથેના તેમના જુના સંભારણાઓ તાજા કર્યા હતા. શ્રી મોદીએ સુદર્શન બ્રીજ, જામનગર અમૃતસર ધોરીમાર્ગ, વિશ્વ આરોગ્ય સંસ્થાનું આયુર્વેદિક સેન્ટર, વંદે ભારત ટ્રેન, સુધીના અનેક વિકાસકાર્યો દ્વારા જામનગર અને દ્વારકામાં વિકાસકામો કરવામાં આવ્યા છે. આ અગાઉ જામનગરના રાજવી જામસાહેબે તેમના નિવાસસ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર

પટેલ, જામનગરના ઉમેદવાર પૂનમ માડમ, પોરબંદર વિધાનસભા બેઠકના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.

જુનાગઢમાં શ્રી મોદી કહ્યું કે સમગ્ર દેશમાં શાંતિ સુનિશ્ચિત કરવા માટે ભાજપ સરકારે આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. શ્રી મોદીએ કોંગ્રેસ પર વિભાજનકારી રાજનીતિમાં સામેલ હોવાનો પણ આરોપ લગાવ્યો અને આઝાદીના દાયકાઓ પછી પડોશી દેશને તમિલનાડુ નજીકના એક ટાપુને સોંપવાના નિર્ણયની ટીકા કરી. શ્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો કે ભાજપ સરકાર નાના ટાપુઓના સંરક્ષણ અને પ્રવાસનના વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

આણંદમાં એક રેલી દરમિયાન શ્રી મોદીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન શાસન હેઠળ છેલ્લા દસ વર્ષમાં દેશે એક મોટું પરિવર્તન જોયું છે. તેમણે કહ્યું કે ભારત વૈશ્વિક બાબતોમાં એક મહત્વપૂર્ણ દેશ તરીકે ઉભરી આવ્યો છે. વિશ્વ ભારતને આંતરરાષ્ટ્રીય સંઘર્ષમાં મધ્યસ્થી તરીકે જોઈ રહ્યું છે.

## GUJ-PM RALLY – 2

શ્રી મોદીએ કોંગ્રેસ પર રાજકીય લાભ માટે ગરીબોનું શોષણ કરવા અને અન્ય પછાત વર્ગના સમુદાયને અન્યાય કર્યાનો આક્ષેપ કર્યો હતો. તેમણે ખાતરી આપી કે તેમની સરકાર દેશમાં ધર્મ આધારિત આરક્ષણ આપવાના પ્રયાસોને રોકશે.

સુરેન્દ્રનગરમાં એક રેલીમાં શ્રી મોદીએ ગુજરાતના લોકોને ભાજપના ઉમેદવારોના સમર્થનમાં મોટી સંખ્યામાં મતદાન કરવા વિનંતી કરી.

(બાઇટ- પીએમ મોદી, સુરેન્દ્રનગર)

કોંગ્રેસના વિવિધ કૌભાંડો અને ભ્રષ્ટાચારની નિંદા કરતા શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં દેશમાં એક પણ કૌભાંડ થયું નથી. તેમણે કહ્યું કે આ દેશના ગરીબ લોકોનો કોંગ્રેસમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે.

------------

## ASHOK GEHLOT ON BJP

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને કૉંગ્રેસના અગ્રણી નેતા અશોક ગેહલોત લોકસભા ચૂંટણી પ્રચાર અર્થે અમદાવાદના પ્રવાસ દરમિયાન આડે રાજીવ ગાંધી ભવન ખાતે તેમણે પત્રકાર પરિષદ યોજી ભાજપ પર પ્રહાર કર્યા હતા...

શ્રી ગેહલોતે ઈલેક્ટોરલ બૉન્ડ અંગે પણ સરકારની ટીકા કરી હતી. શ્રી ગેહલોતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર કાળું ધન, અચ્છે દિન, ખેડૂતોની આવક બમણી કરવા સહિતના મુદ્દે પ્રહાર કર્યા હતા...તેમણે ઉમેર્યું કે, કૉંગ્રેસનું ઘોષણાપત્ર એ સમાજના દરેક વર્ગને ન્યાય આપી રહ્યું છે...

(બાઈટ – અશોક ગેહલોત, પૂર્વ મુખ્યમંત્રી, રાજસ્થાન)

--------------------

## SUNITA KEJARIVAL

ભાવનગર અને ભરૂચ લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં સુનીતા કેજરીવાલે બોટાદ અને દેડીયાપાડામાં રોડ શો કર્યો હતો.

આ પ્રસંગે સુનિતા કેજરીવાલે ભાજપ સામે આકરા પ્રહારો કર્યા હતા. લોકોને આમ આદમી પાર્ટીના ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી.

(બાઇટ- સુનીતા કેજરીવાલ)

આ રોડ શો માં આપના પ્રદેશ અધ્યક્ષ ઇસુદાન ગઢવી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલ @airnews_abad ને ફૉલો કરી શકો છો, અને અમારી Youtube ચેનલ AIR NEWS GUJARAT પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

.......................................

# EC-ADVISORY

કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકીય પક્ષોને માર્ગદર્શિકા જાહેર કરતાં તમામ પક્ષોને કોઈપણ જાહેરાત, સર્વે અથવા એપ દ્વારા ચૂંટણી પછી લાભાર્થીલક્ષી યોજનાઓ માટે વ્યક્તિઓની નોંધણી સાથે સંકળાયેલી કોઈપણ પ્રવૃત્તિને તાત્કાલિક બંધ કરવા અને તેનાથી દૂર રહેવા જણાવવામાં આવ્યું છે.

પંચે જણાવ્યું હતું કે મતદાન પછીના લાભો માટે નોંધણી માટે મતદારોને આમંત્રિત કરવાથી મતદાર અને પ્રસ્તાવિત કરાયેલા લાભ વચ્ચેના વ્યવહારિક સંબંધની જરૂરિયાતનો આભાસ કરાવે છે. પંચે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જોગવાઈઓ અનુસાર આવી જાહેરાતો સામે પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

------------

## POSTAL MATDAN- DISTIRCT

રાજ્યમાં ચૂંટણીલક્ષી કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓનું બેલેટ પેપરથી તેમજ 85 વર્ષથી વધુ વયના સિનિયર સિટિઝન તથા દિવ્યાંગ મતદારો બેલેટ પેપરથી મતદાન કરી રહ્યા છે.

મહીસાગરમાં લોકસભા ચુંટણી માટે આજે પોલિસ જવાનો દ્વારા મતદાન કરાયું હતું.. જીલ્લા ના મુખ્ય મથક લુણાવાડા ખાતે મતદાન કરવામાં આવ્યું હતું..ચૂંટણી ફરજ પરના જીલ્લાના ગૃહરક્ષક દળ અને ટીઆરબી અને પોલીસ કર્મચારીઓ દ્વારા મતદાન કરવામાં આવ્યું..

બોટાદ જિલ્લામાં ચૂંટણી ફરજ પર રોકાયેલા અધિકારીઓ, કર્મચારીઓ અને મહિલા પોલીંગ સ્ટાફે બોટાદના ભાવનગર રોડ પર આર.એ.કળથિયા વિદ્યાભવન ખાતે ઉભા કરાયેલા ફેસિલિટેશન સેન્ટર પર પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. આ ફેસેલિટી સેન્ટર ખાતે 2 દિવસ માટે પોસ્ટલ બેલેટ થકી 357 જેટલાં કર્મયોગીઓએ મતદાન કરી પોતાની ફરજ અદા કરી હતી.

મહેસાણા જિલ્લાના વરિષ્ઠ મતદારો તથા દિવ્યાંગ મતદારોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી અન્ય માટે પ્રેરણારૂપ બન્યા હતાં.

ગાંધીનગરના પેથાપુરના ૧૦૩ વર્ષીય ચંચળબા કેશવસિંહ ડાભીએ અમૂલ્ય મતનું દાન કર્યું છે. હજુ પણ હાલતા – ચાલતા ચંચળબાના મુખ પર વોટ કર્યાનો અનેરો આનંદ જોવા મળતો હતો.

..................................

## TEMPRETURE

સમગ્ર રાજ્યમાં તાપમાનનો પારો સતત ઉચે જઇ રહ્યો છે. છેલ્લા 24 કલાકના હવામાન વિભાગના જાહેર થયેલા આંકડા અનુસાર સૌથી વધુ તાપમાન અમરેલીમાં 41.3, અમદાવાદમાં 41 ડિગ્રી નોંધાયું છે.. જ્યારે રાજકોટમાં 40.8 ડિગ્રી નોંધાયું હતું.. જ્યારે આણંદ અને સુરેન્દ્રનગરમા 40.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું..

આ ઉપરાંત હવામાન વિભાગે દરિયા કિનારાના જિલ્લાઓ કચ્છ, પોરબંદર, ભાવનગર, વલસાડ, દીવમાં હીટવેવની આગાહી કરી છે.

..................................

# AHD YELLOW ALERT

અમદાવાદમાં હિટવેવની સ્થિતિ સર્જાઇ છે.. અસહ્ય અને કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે હવામાન વિભાગે પણ અમદાવાદમાં આગામી પાંચ દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે..

હવામાન વિભાગની ચેતવણી બાદ અમદાવાદ મહાનગરપાલિકા પણ સતર્ક બની ગયું છે.. અમદાવાદના નાગરિકોને ગરમીથી બચાવવા માટે વિવિધ તકેદારીના પગલાં લેવાઇ રહ્યાં છે. જેમાં અર્બન સેન્ટરો સહિતના 194 સેન્ટર પર ઓઆરએસ વિતરણ કેન્દ્રો તેયાર કરાયા છે.. તેમજ લોકભાગીદારી સાથે 686 પાણીની પરબ ઉભી કરાઇ છે. આ ઉપરાંત મળેલી માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં પહેલી મેના દિવસે ઇમરજન્સી સેવા 108ને ગરમીને લગતાં 223 અને મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલમાં 14 જેટલા કેસ નોંધાયા હતા અને તેમને સારવાર આપવામાં આવી હતી.. શહેરીજનોને કામ સિવાય બહાર ન નિકળવા તેમજ પાણી, લીંબુ સરબત તેમજ વધુને વધુ પ્રવાહીનો ઉપયોગ કરવા અપીલ કરી છે..

------------

# ICG RESCUE

ભારતીય તટ રક્ષક દળે મધ દરિયે માછીમારી બોટમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક ક્રુ મેમ્બરને બચાવ્યો હતો..

ગત મોડીરાત્રે ભારતીય તટરક્ષક દળને સંદેશો મળ્યો હતો કે તોફાની બનેલા દરિયમાં સેન્ટ ફ્રાન્સિસ નામની બોટમાં પડી જવાને કારણે એક માછીમારને માથામાં ગંભીર ઇજા પહોંચી હતી. વેરાવળ સેન્ટર ખાતે મળેલા આ સંદેશને કારણે 130 કિલોમિટર દૂર રહેલી આ બોટ પાસે ગણતરીના કલાકોમાં સી-153 જહાજ બચાવ માટે પહોંચી ગયું હતું અને તેને કિનારે લાવીને સારવાર અપાઇ હતી.

------------

# PARCEL BLAST

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના વેડા છાવણી ગામે ઓનલાઇન પાર્સલમાં બ્લાસ્ટ થતાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે ત્રણને ઇજા પહોંચી હતી...

અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારાના જણાવ્યા અનુસાર કેટલાક અજાણ્યા લોકો ગામના વણજારા જીતેન્દ્રભાઈ ના ઘરે કુરિયર આપી ગયા હતા.. આ પાર્સલ ઘરની અંદર જઈને ખોલતા જ તેમાં વિસ્ફોટ થતા યુવાનનું ઘટના સ્થળ પર જ મોત થયું હતું. આ ઘટનામાં ત્રણ ગંભીર રીતે ઘાયલ દીકરીઓને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

--------